# હું કરું જગનું સર્જન તો શીદને સહુ આ શોષણ? બનું એટલી શક્તિમાન કે કરી શકું સહુનું પોષણ!

જીવન સરગમ
બિન્દુબેન કચરા

‘હેપ્પી વીમેન્સ ડે.’

એક સ્ત્રી તરીકે જોયેલાં સપનાંઓને સાકાર કરી સિદ્ધિનાં શિખરો સર કરો એવી શુભેચ્છાઓ.

સન્નારીઓ, ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલાદિન, સ્ત્રીઓનો દિવસ, દુનિયાના આકાશમાં સ્ત્રીઓની સિદ્ધિઓના, સંઘર્ષના અને પ્રગતિના અનેક તારલાઓ ચમકે છે પણ એ તારલાઓની આસપાસ જ કાળું આકાશ દેખાય છે એમાં અનેક સ્ત્રીઓની પીડા, વેદના, અસ્તિત્વનો સંઘર્ષ, જીવનની મથામણ અને અધૂરી ઇચ્છાઓ છુપાયેલી છે. જે પેલા ઝબકતા તારલાઓના ઝળહળાટમાં દેખાતી નથી.

કેટલાક સવાલો આપણે જ આપણી જાતને પૂછીએ.... શું સ્ત્રીઓને એમની ઇચ્છાઓનું આકાશ મળી ગયું છે? શું સદીઓથી એના પર લદાયેલાં બંધનોથી એ મુક્ત થઇ ગઇ છે? એના માંહ્યલાને દઝાડતી પીડાની આગ બુઝાઇ ગઇ છે? એક વ્યક્તિ તરીકેની એની ઓળખ સમગ્ર સમાજે સ્વીકારી લીધી છે? સ્ત્રીઓને ઊતરતી ગણવાની, હડધૂત કરવાની કે દબાવવાની સમાજની માનસિકતામાં પરિવર્તન આવી ચૂક્યું છે? શું પત્ની, માતા, પુત્ર તરીકે જે સ્થાનની એ અધિકારિણી છે એ સ્થાન એને મળ્યું છે ખરું? સૌંદર્ય અને ભોગ્યાથી વિશેષ ગણીને એનાં આંતરિક સૌંદર્ય અને બુદ્ધિમત્તાને પ્રાધાન્ય અપાય છે ખરું?

આ બધા જ સવાલોના જવાબ સાવ હકારાત્મક નથી તો સાવ નકારાત્મક પણ નથી. ઘણું બધું બદલાયું છે, સુધર્યું છે. નવું સર્જાયું છે. બધું ઓકે થઇ ગયું છે એવું નથી. દુનિયાના કેટલાય દેશોમાં સ્ત્રી સર્વોચ્ચ સ્થાને હોવા છતાં દુનિયાની સ્ત્રીઓનો એક મોટો ભાગ સ્ત્રી હોવાને કારણે અનેક પરેશાનીઓ વેઠે છે. ઘરેલુ હિંસા એ માત્ર ભારતીય સમાજનો જ નહીં અમેરિકા જેવા મોડર્ન સમાજનો પણ પ્રશ્ન છે. આ બધા પ્રશ્નોની વચ્ચે પણ સ્ત્રી હારી નથી, મક્કમ મને બદલાવ કરીને જ જંપી છે. નારી હવે બિચારી નથી.

આધુનિક યુગમાં નારીજીવનમાં ઘણા મુદ્દે બદલાવ આવી ચૂક્યા છે. તેણે એ તો સાબિત કરી દીધું છે કે તે ધારે તે ક્ષેત્રમાં પોતાની બુદ્ધિ અને બળ





વડે સફળતા મેળવી શકે છે. આજે સ્ત્રી પોતાના વ્યક્તિત્વને લપેટીને વળગેલાં બહારનાં તમામ વાઘા ઉતારીને અરીસા સામે ઊભી પોતાનું ભીતરનું મૂળ સ્વરૂપ શોધવા નીકળી છે ત્યારે તેને પ્રતીતિ થાય છે કે પોતાની ભીતર તો શક્તિનો એક અખૂટ, અપાર મહાસાગર ઘૂઘવી રહ્યો છે. એ પોતાના પગ પર ઊભી રહેલી એક સ્વતંત્ર હસ્તી છે, બિચારી નથી, ઓશિયાળી નથી, ગૌણ નથી, પાણો તો હરગીઝ નથી જ. એ તો એક ચેતના છે. એના જીવનના પ્રત્યેક ધબકાર પર એનું પોતાનું સ્વામીત્વ છે. તે ધરાથી ગગન સુધી વિસ્તરી છે. બિચારાપણાંની છાપમાંથી નારીએ પોતાની જાતને મુક્ત કરી દીધી છે. તેની પાસે હવે ભણતર, ઉચ્ચ કરિયર, પગભરતા (સ્વનિર્ભરતા), આત્મવિશ્વાસ, મક્કમ મનોબળ અને ખાસ તો સ્વભાન નામનાં અસરકારક હથિયારો આવી ચૂક્યાં છે.

સમાજે ખાસ કરીને પુરુષપ્રધાન માન્યતા ધરાવનારાઓએ નારીવિશ્વની આસપાસ જે કાંઇ માન્યતાઓ નિયમો અને રીતિરિવાજોના નામની બેડીઓ કહો કે પીંજર રચી દીધાં હતાં તે આ સચોટ હથિયારોની મદદથી તોડવામાં, ખોલવામાં તે ઘણાં અંશે સફળ બની છે.

ત્રણ સંતાનોની માતા એવી રોશનીએ એક દિવસ અચાનક મહેસૂસ કર્યું કે તે હમણાં સુધી ફક્ત અન્યો માટે જ જીવી છે. પોતાના માટે તો તેણે ક્યારેય જીવવાનું શરૂ જ નથી કર્યું.

માતા-પિતા, ભાઈ, પતિ, સાસરિયાં અને સંતાનોની મરજી, ખુશી વગેરે પાછળ તેણે કંઇ કેટલીયે વાર પોતાની ઇચ્છાઓ, શોખ, આનંદની પળોનો ભોગ આપ્યો છે. બસ! હવે એને થયું હવેથી એ પોતાના માટે જીવવાનું શરૂ કરશે અને તેણે ઘરમાં જાહેર કર્યું કે, હવેથી દરેકે પોતાની જરૂરતો જાતે પૂરી કરવાની અને રોજિંદાં કામો માટે પોતાને કોઇ દબાણ નહીં કરવાનું, હા, એ ઘરને યથા ઇચ્છા સંભાળશે ખરી પણ પોતાની મરજીથી જ, કોઇ ફરજપૂર્વક નહીં! થોડા દિવસ પછી તે એક જોબ સ્વીકારી રહી છે એ પણ તેણે જાહેર કરી દીધું. શરૂમાં સૌના ગણગણાટ પછી તેની દરેક વાતને સૌએ વધાવી લીધી અને તેને પણ તેની ખુશીઓ, ઇચ્છાઓનાં સરનામાં શોધી લેવા બનતો સહકાર આપવાની ખાતરી આપી.

સ્ત્રી માટે ઘર બહારની દુનિયા હજુ આજના મોડર્ન માનસિકતા ધરાવતાં સમાજમાં પણ એટલી સહેલી નથી. ડગલે ને પગલે તેને હજુય અનેક પ્રશ્નોનો સામનો કરવાનો આવે છે. તે ભણેલી હોય તો પણ અને કામઢી ચતુર હોય તો પણ.

સ્ત્રી એટલે પુરુષો પર અવલંબિત કઠપૂતળી માત્ર નહીં પરંતુ શક્તિનો અનંત સ્ત્રોત જે દેશ અને સમાજની કરોડરજ્જુ બનવાની ક્ષમતા ધરાવે છે. અનેક પ્રતિભાઓએ સમયાંતરે નારીની ગઇકાલ શણગારી હતી. તેમ આજના આકાશમાં પણ કેટલીય

**કેટલાક સવાલો આપણે જ આપણી જાતને પૂછીએ.... શું સ્ત્રીઓને એમની ઇચ્છાઓનું આકાશ મળી ગયું છે? શું સદીઓથી એના પર લદાયેલાં બંધનોથી એ મુક્ત થઇ ગઇ છે? એના માંહ્યલાને દઝાડતી પીડાની આગ બુઝાઇ ગઇ છે?**

ચમકતી નારીઓ જોઇને મન ગર્વિત થઇ જાય છે પણ સિક્કાની બીજી બાજુ શું છે? સેંકડો હજારો બળાત્કાર, સતત થતું રહેતું જાતીય શોષણ અને ટીનએજર્સ ગર્ભપાત કરાવે છે.

દૈનિકપત્રની હેડલાઇન્સ રોજ કલંક અને કરુણતાની કાલિમા લઇને ચમકતી રહે છે. ભ્રૂણહત્યા, દીકરા પ્રત્યે પક્ષપાતી વલણ, આધુનિકતાને નામે આંધળી દોટ મૂકતી અને અત્યાચારની ભોગ બનતી નરાધમોને હાથે ચૂંથાતી અસંખ્ય બીજલ જોશીઓ નારીદિનની સાર્થકતા ત્યારે જ ગણાય જ્યારે આ બધું સમાજમાંથી અટકવું જોઇએ.

તો વાચકમિત્રો! વીતેલાં વર્ષોમાં સ્ત્રીઓએ ઘણું મેળવ્યું છે પણ ઘણું મેળવવાનું બાકી છે. એના અસ્તિત્વની લડાઈ, સંઘર્ષ હજુ ચાલુ જ છે, માત્ર સ્ત્રી તરીકે નહીં પરંતુ એક સંવેદનશીલ માનવ તરીકેની સમાનતા અને સ્વીકૃતતા મેળવવા માટે સ્ત્રીઓએ લાંબી મજલ કાપવાની છે.

બળાત્કાર, છેડતી, શોષણ જેવાં અનિષ્ટોથી પીછો છોડાવવાનો છે. એ માટે આ લડાઈ ખુદ સ્ત્રીએ લડવાની છે. ખુદ સ્ત્રીઓએ પોતે જ તું તારા દિલનો દીવો થાને એ ન્યાયે પોતાના તારણહાર બનવું પડશે. પોતાના મનોબળ અને આત્મબળથી, નહીં કે પુરુષો સાથેની સરખામણી કે હરીફાઇથી. આ માટે સ્ત્રીઓએ ખુદને ઇકબાલના પેલા શેર જેટલી તાકતવર બનાવવી પડશે કે ‘ખુદી કો કર બુલંદ ઇતના હર તકદીરસે પહલે ખુદા બંદે સે ખુદ પૂછે બતા તેરી રજા ક્યા હૈ’

તો મિત્રો-

નારી દિનની ખૂબ ખૂબ શુભેચ્છા!

**સુવર્ણરજ**

**નારી પૂજાની ખાણ છે,**
**તીર્થંકરોની ઓળખાણ છે.**